ગાંધીનગર સમાચાર

વર્ષાઋતુમાં ખિલતુ શહેરનું સૌંદર્ય ફોટોગ્રાફી ફેસ્ટિવલ થકી ઝળકશે

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૨૭ કલાકનો રહેશે.

● ફાઈનલ ડેસ્ટીનેશન દ્વારા સે-૧૧, હોટલ મીડ વે (સુમન ટાવર) ખાતે મેગા કોમ્પીટીશન ૨૦૧૬ના ઓડિશનનો કાર્યક્રમ યોજાશે.

● સચિવાલય જીમખાના સે-૨૧ ખાતે ફ્રી બોડી ચેક અપ નિદાન કેમ્પ યોજાશે.

● પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને સવારે ૯ કલાકે ૫૦ ટકાના દરે ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાશે.

# નિર્દોષ ડ્રાઈવરને પોલીસનું તેડું આવ્યું ને તેણે આપઘાત કરી લીધો...!

### મુસાફરે અરજી કરી હતી કે શટલીયા જીપના ડ્રાઈવરે મોબાઈલ ચોરી લીધો હોવાની શંકા છે : પોલીસે નિવેદન માટે બોલાવ્યો એટલે લાગી આવતા સે-૭માં રહેતા ડ્રાઈવરે નભોઈ કેનાલમાં પડતું મુકી જીવન ટુંકાવ્યુ

ગાંધીનગર, તા.૧૦

પાટનગરમાં બનેલો એક વિચિત્ર બનાવ ધ્યાને આવ્યો છે. એક સામાન્ય ડ્રાઈવર કે જે કયારેય પોલીસ સ્ટેશનની સીડી ચઢયો નથી તેને અચાનક પોલીસનું તેડુ આવ્યું કે નિવેદન લખાવી જાવ...! ડ્રાઈવર જે શટલીયા જીપ ચલાવતો હતો તેમાં સવારી કરી ચુકેલા એક મુસાફરે તેનો મોબાઈલ ગુમ થતા આ ડ્રાઈવરે ચોરી કર્યો હોવાની શંકા દર્શાવતી અરજી સ્થાનિક પોલિસ મથકે કરી હતી તેનું નિવેદન નોંધાવવા પોલીસે બોલાવ્યા એટલે તેને લાગી આવતા ગઈ રાત્રે ઘરેથી ચાલ્યો ગયો અને સવારે નભોઈ કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. નર્મદા કેનાલમાં તેણે આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા પોલીસે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૭ખાતે સ્થિત ચૌધરી સ્કુલની પાસે રહેતા અને મુળ બિલોદરા વિસ્તારના રહેવાસી ૪૫ વર્ષીય બચુજી બળદેવજી ચાવડા ગાંધીનગર-સરખેજ રૂટ પર શટલીયા જીપ ચલાવતા હતા. સુત્રનું માનીએ તો એક મુસાફરે સેકટર-૭ પોલીસ મથકમાં અરજી કરી કે તેમનો મોબાઈલ ગુમ થઈ ગયો છે અને તેમને શંકા છે કે તે મોબાઈલ આ ડ્રાઈવરે ચોરી કર્યો છે. જે આધારે પોલીસે આ ડ્રાઈવર બચુજીને આવતી કાલે શનિવારે સવારે ૯ વાગ્યે નિવેદન લખાવવા બોલાવ્યા હતા. પરંતુ જે વ્યકિત કયારેય પોલીસ સ્ટેશનની સીડી ચઢયો નથી તેણે કોઈ જ ગુનો કર્યો ન હોવા છતા પોલીસ સ્ટેશન જવું પડશે? તે પ્રશ્ન મુંજવતો હતો તેની પરિવાર સાથે ચર્ચા પણ આગલા દિવસે કરી હતી. તેમને લાગી આવતા પોલીસ મથકમાં નિવેદન નોંધાવવા જાય તેની આગલી રાત્રે જ એટલે કે ગઈ રાત્રે જ ઘરેથી નીકળી ગયા હતા. પરીવારજનોએ રાતભર શોધખોળ કરી પરંતુ તેના સગડ મળ્યા ન હતાં. દરમિયાન સવારે સવા નવ વાગ્યાના અરસામાં નભોઈ નર્મદા કેનાલમાંથી તેમનો તરતો મૃતદેહ મળી આવતા પરિવારજનોમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. રાત્રી દરમિયાન ડ્રાઈવરે કેનાલમાં છલાંગ લગાવી આપઘાત કરી લીધો હતો. જો કે ડ્રાઈવરે મોબાઈલ ચોરી કર્યો હતો કે નહીં? તે જાણવા પથિકાશ્રમ પાસે લગાડાયેલા સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા તેમાં આવું કાંઈ સ્પષ્ટ થતું ન હોવાનું પણ સુત્ર પાસેથી જાણવા મળ્યું છે. ઈન્ફોસીટી પીએસઆઈ એમ.એમ.સોલંકીએ ગુનો નોંધી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.



## ગાંધીનગર-સરખેજ રૂટની જીપો બંધ રહેતા મુસાફરો હેરાન

### રૂટના સાથી ડ્રાઈવરના મૃત્યુના સમાચાર મળતા સાથી શટલીયા ચાલકોએ બંધ પાળ્યો

ગાંધીનગર-સરખેજ રૂટમાં શટલીયા જીપ હંકારતા એક શટલ ચાલકનું મૃત્યુ થતાં તેના માનમાં અન્ય સાથી શટલીયા ચાલકોએ બંધ પાળીને વેપાર ધંધાથી અળગા રહ્યા હતા. ગાંધીનગર-સરખેજ રૂટમાં ૭૦ થી વધુ આંટા-ફેરા મારતી જીપો બંધ રહી હતી. શટલ સ્ટેન્ડ પર જીપો ઉભી રહેલી જોતા મુસાફરો ત્યાં જતા હતા પરંતુ તેઓને જીપ ચાલકોએ બંધ રાખવાના સમાચાર મળતા પરત ફરતા હતા. જીપોના શટલીયા બંધ રહેતા અમદાવાદ નોકરી કરતા નોકરીયાતો તેમજ મુસાફરો હેરાન થયા હતા. જયારે શટલ જીપો બંધ રહેતા એસટી બસોને વધુ ફેરા મારવા પડ્યા હતા જેન પગલે એસટીની આવકમાં પણ વધારો થયો હતો.

## લીંબડીયા કેનાલમાં અજાણી મહિલાનો આપઘાત

ગાંધીનગર નજીક આવેલા લીંબડીયા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ગઈ સાંજે અજાણી મહિલાનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલમાંથી આશરે ૪૨ વર્ષીય બિનવારસી મહિલાનો મૃતદેહ બહાર કાઢી ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેની ઓળખ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

## વાતવાતમાં

● ગાંધીનગર એસટી ડેપોમાંથી બહાર નિકળાના ગેટ પાસે વર્ષો જુનુ વૃક્ષ બે દિવસ પહેલા આવેલા ઝડપી પવનને કારણે અધવચ્ચેથી તુટી ધરાશાયી થયું હતું. આજ રીતે ગ-૦ સર્કલ પાસે પણ એક વૃક્ષ તુટી પડયું હતું. પરંતુ બંને વૃક્ષ હજુ તંત્ર દ્વારા હટાવાયા નથી.

● સેકટર-૬માં સાંજે ૪.૪૦ વાગ્યાથી લાઈટ ગુલ થઈ જવા પામી હતી. જે ૫.૨૭ કલાકે ચાલુ થઈ હતી. ઉકળાટના સમયમાં વીજળી વેરણ થતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા હતા.

● રોડ નં. ૩ પર સેકટર-૧૩ના બસ સ્ટેન્ડ નજીક બે આખલા એકબીજાને શીંગડે શીંગડા ભરાવી બાખડયા હતા. સદભાગ્યે આ બુલફાઈટ લાંબી ના ચલતા કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નહોતો.

● કુડાસણના કોબા રોડ સાથેના સર્વિસ રોડની આસપાસ પ્લાસ્ટિકના વેસ્ટ સાથે ગંદકીના થર જામ્યા છે. એક તરફ ગાંધીનગર શહેર તદ્દન સ્વચ્છ રખાય છે તો બીજી તરફ ન્યુ ગાંધીનગર વિસ્તાર સફાઈ કાર્યની સેવાથી વંચિત રાખવામાં આવતા રહીશોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

● શહેરમાં શાળાઓનો પ્રારંભ થઈ ગયા બાદ હવે વર્ગખંડોમાં હાજરી પણ નિયમિત થવા લાગી છે. જો કે પ્રાથમિકથી માધ્યમિક અને માધ્યમિકથી ઉચ્ચતર માધ્યમિકમાં પ્રવેશ મેળવેલા અનેક વિદ્યાર્થીઓ નવી શાળાનો નવો ગણવેશ ખરીદવાનો બાકી હોઈ શાળાઓએ છુટછાટ આપી રાખતા વિવિધ રંગી કપડામાં વિદ્યાર્થીઓ જોવા મળી રહ્યા છે.

## સે-૭-ડી શહેરીજન સંસ્થા દ્વારા સભ્યોના સંતાનોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૦

સેકટર-૭-ડી શહેરીજન સંસ્થા દ્વારા સંસ્થાના આજીવન સભ્યોના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં સેકટર-૭-ડીના આજીવન સભ્યોના સંતાનો ધોરણ ૧ થી ૯ તથા ધોરણ-૧૦ અને ૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના માર્કશીટની ઝેરોક્ષ નકલ પ્રમુખ જયંતભાઈ ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૨૪૨/૨, સે-૭-ડી કાન્તિભાઈ પંડયાના નિવાસસ્થાન ૧૩૧૧/૨, સે-૭-ડી અને સુમંતભાઈ શાહનો સંપર્ક કરી સમયસર મોકલવા જણાવાયું છે. ઝેરોક્ષ નકલમાં સંપૂર્ણ માહિતી આપવાની રહેશે. આ વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ ટૂંક જ સમયમાં યોજાશે.

## ન્યુ વાવોલમાં ઉભરાતી ગટરોથી નાગરીકો પરેશાન

ગાંધીનગર, તા.૧૦

ન્યું વાવોલમાં છેલ્લા કેટલાય સમયથી ગટરો ઉભરાય છે. ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા ગંદા પાણીના ખાબોચીયા ભરાય છે. ગંદા પાણીને લીધે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. જેને પગલે રહીશોનું રહેવું મુશ્કેલ બની જવા પામ્યું છે. ન્યું વાવોલમાં વસવાટ કરતા રહીશોના આરોગ્ય પર ખતરો મંડરાઈ રહ્યો છે. તંત્રને અનેકવાર રજુઆત કરવા છતા યોગ્ય ઉકેલ ના આવતા રહીશોમાં અસંતોષ જોવા મળ્યો છે.

ગતિશીલ ગુજરાતમાં સમગ્ર ગુજરાતનો રોકેટ ગતિએ વિકાસ થવા પામ્યો છે. ગાંધીનગર શહેરનો પણ વિકાસ થતા શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં અનેક સોસાયટી અને ફલેટ નિર્માણ પામ્યા છે. જયાં જુઓ ત્યાં સિમેન્ટનું નગર ઉભુ થઈ ગયું છે. ન્યું વાવોલમાં હજ્જારો વસાહતીઓ વસવાટ કરે છે. ત્યારે વસાહતીઓના પ્રાથમિક પ્રશ્નોનું તંત્ર દ્વારા નિરાકરણ આવતું નથી તેમાં પાછો વધારો થતો હોય તેમ ગટરનો પ્રશ્ન વસાહતીઓના માથાના દુખાવા સમાન બની રહ્યો છે. તંત્ર દ્વારા ન્યુંવાવોલની આસપાસ સફાઈ યોગ્ય થતી ના હોવાથી ગંદકીના ઢગ ખડકાયેલા છે. તાજેતરમાં જ ગુડા દ્વારા આ વિસ્તારમાં ગટરલાઈન નાંખવામાં આવી છે. ત્યારે વૈદેહી સોસોયટી, રોયલ સંકલ અને શુભ રેસીડન્સી વિસ્તારમાં ગટરો ઉભરાતી હોવાથી રહીશો હેરાન થઈ ગયા છે. ગટરોના ગંદા પાણીને પગલે માર્ગો પર લીલના થર જામી ગયા છે. ગંદા પાણીને કારણે આસપાસના વસાહતીઓ મચ્છરોના ત્રાસથી તૌબા પોંકારી ઉઠ્યા છે. આ વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત સેવાઈ રહી છે. તંત્રને અનેકવાર વસાહતીઓએ રજુઆત કરી છે છતા યોગ્ય નિકાલ આવ્યો નથી તેવું વસાહતીઓનું કહેવુંછે. ગટરો ઉભરાતી બંધ થાય તેવું સ્થાનિક વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

## સિવિલમાં નવા કેસ માટે ટોકન પધ્ધતિને સફળતા

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજયમાં સૌ પ્રથમવાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં નવા કેસ માટે ટોકન પધ્ધતિની અમલવારી કરવામાં આવી હતી. જો કે શરુઆતના પ્રારંભે થોડીક અડચણ ઉભી થવા પામી હતી. પરંતુ સમયાંતરે દર્દીને ટોકન પધ્ધતિ અનુકુળ આવી જતા તંત્રને ટોકનમાં સફળતા મળી છે. ગાંધીનગર સિવિલમાં ટોકન પધ્ધતિમાં સફળતા બાદ સોલા જીએમઈઆરએસ હોસ્પિટલમાં પણ ટોકન પધ્ધતિનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ગુજરાતન રાજયના આરોગ્ય વિભાગ દ્વારા રાજયમાં સૌ પ્રથમવાર ગાંધીનગર શહેરની જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં ઓપીડી વિભાગમાં સારવાર માટે આવતા દર્દીઓને કેસ માટે લાંબી લાઈનોમાં ઉભા રહેવું ના પડે તેમાંથી છુટકારો મળે તે માટે ટોકન પધ્ધતિથી કેસ નીકળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં દર્દીને મળેલ ટોકન નંબર ઉપર ગોઠવામાં આવેલી ડિસ્પ્લેમાં દેખાય ત્યારબાદ દર્દી કેસ બારી પર જઈને આરામથી કેસ નીકાળીને સારવાર લઈ શકે છે. આ માટે દર્દીઓને બેસવા માટે સુંદર બેઠક વ્યવસ્થા પણ તંત્ર દ્વારા ગોઠવવામાં આવી છે. ઓપીડીમાં દિવસના ૭૦૦ થી વધુ ટોકન આપવામાં આવે છે. સિનિયર સિટીઝન અને જુના કેસ માટે અલગ વ્યવસ્થા ઉભી કરાઈ છે. તે ઉપરાંત અન્ય બે કેસબારી કાર્યરત છે. જેને પગલે દર્દીઓને લાંબી કતારોમાંથી મુકિત મળી છે. આરોગ્ય વિભાગના આ પાયલોટ પ્રોજેકટને ગાંધીનગર સિવિલમાં સફળતા મળતા સોલા જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં પણ ટોકન પદ્ધતિનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આગામી સમયમાં દવાબારીનું પણ વિસ્તરણ કરવામાં આવશે તેમજ નવા ફેરફાર કરવામાં આવશે. ટોકન પધ્ધતિના પ્રારંભે થોડી તકલીફ દર્દીઓને પડી હતી.

## શર્મિષ્ઠાબેન દવેનું ઔદિચ્ય બ્રહ્મસમાજ દ્વારા સન્માન યોજાયું

ગાંધીનગર, તા.૧૦

શ્રી અખિલ ભારતવર્ષીય ઔદિચ્ય બ્રહ્મસમાજ સવા શતાબ્દી મહોત્સવ અંતર્ગત અમદાવાદમાં સરદાર પટેલ સ્મારક ભવનમાં



મહાસંમેલન યોજાયેલ હતું. સમાજ ઉપયોગી કાર્યોની સિધ્ધિરૂપે કરેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવતા શર્મિષ્ઠાબેન દવેને શાલ, સન્માનપત્ર તેમજ સ્મૃતિ ચિહ્ન આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પદ્મશ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

શર્મિષ્ઠાબેન દવે અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર જિલ્લાના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

## વલાદ પાસે આઈશરની અડફેટે સાયકલ ચાલક યુવાનનું મૃત્યુ

### ગંભીર રીતે ઘવાયેલા યુવાને હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા વલાદ ગામની સીમ પાસેથી પસાર થતા માર્ગ પર ગઈ બપોરે એક યુવા સાયકલ લઈને જઈ રહ્યો હતો. તે દરમિયાન બેફામ જતી આઈશર ટ્રકે તેની સાયકલને જબરદસ્ત ટકકર મારતા યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ લઈ જવાયો હતો તેણે સારવાર દરમિયાન છેલ્લો શ્વાસ લીધો હતો. નાનાભાઈના મૃત્યુ બાદ આરોપી આઈશર ચાલક સામે મોટા ભાઈએ ફરિયાદ આપતા ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

વલાદ ગામનાં વાણીયાવાસમાં રહેતો યુવાન દિનેશ ઉદેસિંહ ગરાસીયા ગઈ કાલે બપોરે પોતાની સાયકલ લઈને વલાદ આધારશીલા સ્કુલ સામેના માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન મોટા ચિલોડા તરફથી બેફામ ગતિએ આવી રહેલી આઈશર ટ્રક નં. જીજે ૯ ઝેડ ૧૪૫૯ના ચાલકે સાયકલને સાઈડમાંથી જબરદસ્ત ટક્કર મારી હતી. આ અકસ્માતમાં સાયકલ સાથે દિનેશ ફંગોળાઈને રસ્તા પર પટકાતા લોહીના ખાબોચીયા ભરાઈ ગયા હતા. અત્યંત ગંભીર હાલતમાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો અને ત્યાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો. દરમિયાન સારવારમાં તેનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. મૃતકના મોટાભાઈ ભાવસિંહ ઉદેસિંહ ગરાસીયાએ આઈશરના અજાણ્યા ચાલક સામે ફરિયાદ આપતા ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરૂ કરી છે.

## વનશ્રી ટ્રસ્ટ દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

વનશ્રી ટ્રસ્ટ દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે અમદાવાદ વસ્ત્રાપુર લેકના એ.એમ.સી.ના ગાર્ડનમાં ૧૦૦થી વધુ છોડ વાવવામાં આવ્યા હતા. જેમાં ફળ, ફુલ અને આયુર્વેદિક છોડ સહિતના વૃક્ષો ઉગાડવામાં આવ્યા હતા તેમજ ૫૦થી વધુ વિદ્યાર્થીઓને એક એક છોડ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ઉત્કર્ષ ગુપ્તા, અભિનવ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડીસ્ટ્રીકટ ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવતે વિદ્યાર્થીઓને વૃક્ષો વિશેની વિસ્તૃત માહિતી આપી હતી.

## પરિણામના ડરથી વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરને અડીને આવેલા બોરીજ ગામના ૧૮ વર્ષીય વિદ્યાર્થીએ પરીક્ષામાં પરિણામ નબળુ આવવાના ડરે પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. પોલીટેકનીકમાં ડીપ્લોમા ઈલેકટ્રીકલના પાંચમા સેમેસ્ટરનું પરિણામ જાહેર થવાનું હતું. તે જાહેર થાય તે પહેલા જ છતના હુકે સાંડી બાંધીને ફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી દીધું હતું. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ પ્રવિણસિંહે હાથ ધરી છે.

**ડીપ્લોમા ઈલેકટ્રીકલમાં અભ્યાસ કરતા બોરીજના વિદ્યાર્થીએ છતના હુકે સાડી બાંધી અંતિમ પગલું ભર્યુ : તેને નાપાસ થવાનો ડર હતો**

બોરીજ ગામના વણકર વાસમાં રહેતો ૧૮ વર્ષીય યુવાન જૈમીન મનોજભાઈ પરમાર પોલીટેકનીકમાં ડીપ્લોમા ઈન ઈલેકટ્રીકલમાં અભ્યાસ કરતો હતો. તેને પાંચમા સેમેસ્ટરની આપેલી પરીક્ષાનું પરિણામ જાહેર થવાનું હોવાથી નાપાસ થવાના ડરે તે ખુબ ચિંતામાં હતો. ગઈ કાલે બપોરે તેના નાના ભાઈને લઈને માતા-પિતા સે-૨૧ ખાતે સ્કુલના કપડા ખરીદવા ગયા હતા અને ત્યાર બાદ સે-૩માં રહેતા દાદા દાદીના ઘરે જઈ સાંજે સાડા સાત વાગ્યે ઘરે પરત ફર્યા હતા. ઘરનો મુખ્ય દરવાજો આડો કરેલો હતો. અંદર પ્રવેશીને જોયું તો દિકરો જૈમીન છતના હુક સાથે સાડી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધેલી હાલતમાં હતો. પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. પગતળેથી જમીન સરકી ગઈ હતી. પિતા મનોજભાઈ તેને હોસ્પિટલ લઈ ગયા પરંતુ તેનું મૃત્યુ થઈ ચુકેલું હતું. સે-૨૧ પોલીસને ઘટનાની જાણ થતા જમાદાર પ્રવિણસિંહે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.


# વર્ષાઋતુમાં ખિલતુ શહેરનું સૌંદર્ય ફોટોગ્રાફી ફેસ્ટિવલ થકી ઝળકશે

### તન્વી-ગ્રેવિશા પિકચર્સ પ્રા.લિ. દ્વારા ગાંધીનગર મોન્સુન ફોટોગ્રાફી ફેસ્ટિવલનું આયોજન કરાયું : ફોટોગ્રાફી ક્ષેત્રે કસબ ધરાવતી જિલ્લાની યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા પ્રયત્ન : વિજેતાઓને સ્વાતંત્ર્ય દિને ભવ્ય સમારોહમાં એવોર્ડ વિતરણ કરાશે : હેપ્પી યુથ કલબ આયોજનમાં સહકાર આપશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એક હરિયાળુ શહેર છે અને આ વરસાદના આગમન પછી તો આ શહેરની હરિયાળી એવી ખીલે છે કે જાણે શહેરે કોઈ નવોઢાની જેમ સોળ શણગાર સજયા હોય. વર્ષાઋતુના વધામણા થયા બાદ નિખરતા શહેરના અપ્રિતમ સૌંદર્યને કેમેરામાં કેદ કરવા અનેક ફોટોગ્રાફર્સ અહીં ડેરા-તંબુ નાંખે છે. આ સમયે ગાંધીનગર શહેર તથા જિલ્લાના યુવા ફોટોગ્રાફર્સને પણ નયનરમ્ય ફોટોગ્રાફી કરવા માટે સુવર્ણ તક પ્રાપ્ત થાય છે. બસ આજ વાતને કેન્દ્રમાં રાખીને ગાંધીનગરના તન્વી-ગ્રેવિશા પિકચર્સ પ્રા.લિ. દ્વારા સમગ્ર જિલ્લાની ફોટોગ્રાફી કલા ધરાવતા ફોટોગ્રાફર્સની ટેલેન્ટને પ્રોત્સાહિત કરી પ્રેરણા પુરી પાડવાના આશયથી ગાંધીનગર મોન્સુન ફોટોગ્રાફી ફેસ્ટિવલ ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ ફોટોગ્રાફી ફેસ્ટિવલનું આયોજન હેપ્પી યુથ કલબના સહયોગ સાથે કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મોન્સુન ફોટોગ્રાફી ફેસ્ટિવલ ૨૦૧૬માં ૧૨ વર્ષથી ઉપરની ઉમરના કોઈ પણ ફોટોગ્રાફર્સ ભાગ લઈ શકશે. જેમણે 'મોન્સુન રિલેટેડ' કુલ ચાર ફોટોગ્રાફ નિયત સમય મર્યાદામાં હાર્ડ કોપી તથા સોફટ કોપીમાં આપવાના છે. આ ફેસ્ટિવલના અંતે તા.૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિને આયોજકો દ્વારા ભવ્ય સમારોહ યોજી વિજેતાઓને સન્માનવામાં આવશે. આ સ્પર્ધામાં બેસ્ટ ફોટોગ્રાફીમાં પ્રથમ ક્રમે વિજેતા થનાર ફોટોગ્રાફરને રૂપિયા પાંચ હજાર એકનું ઈનામ તથા દ્વિતિય ક્રમે વિજેતાને રૂપિયા બે હજાર પાંચસો એકનું અને તૃતીય ક્રમે વિજેતાને રૂપિયા અગિયારસો અગિયારનું ઈનામ આપવામાં આવનાર છે. આ ઉપરાંત તે પછીના





દસ બેસ્ટ ફોટોગ્રાફર્સને ટ્રોફી આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકને પ્રમાણપત્ર એનાયત કરાશે. સ્પર્ધામાં પાંચ નિષ્ણાંત જજ દ્વારા વિજેતા ક્રમ નક્કી કરાશે.

ફોટોગ્રાફી ફેસ્ટિવલના મુખ્ય આયોજક અને શહેરના જાણીતા ગુજરાતી ફિલ્મ નિર્માતા દિગ્દર્શક જગદીશ સોનીએ જણાવ્યું હતું કે, 'ચોમાસાના પહેલા વરસાદ પછી ગાંધીનગરનું સૌંદર્ય એવું ખિલે છે કે જાણે સ્વર્ગ સમુ વાતાવરણ ખડું થાય છે, આ સમયે શહેર એક હિલ સ્ટેશન જેવું ભાસે છે અને અનેક પ્રકારના ફુલો, પતંગિયા, પંખીઓ વગેરે તેને અજબ સુંદરતા બક્ષે છે. આ દરમિયાન અહીં વસતા શહેરીજનોને પોતે નસીબદાર હોવાનો અહેસાસ થાય છે કારણકે અહીં નયનરમ્ય રાજમાર્ગો પણ છે, જંગલ પણ છે, બાગ-બગીચા પણ છે અને વન્યજીવો પણ છે. આ તમામને કેમેરામાં કેદ કરવા જિલ્લાના યુવા ફોટોગ્રાફર્સ તલપાપડ હોય છે. એક ફિલ્મ નિર્માતા તરીકે ફોટોગ્રાફી એ મારો પસંદગીનો વિષય છે. હું નાનપણથી



જ ફોટોગ્રાફીનો શોખ ધરાવતો હતો. આથી મેં આ ફોટોગ્રાફર્સની મહેનતની કદર થાય તથા તેમની પ્રતિભાને યોગ્ય મંચ મળતા શહેરની તથા જિલ્લાની પ્રતિભા બહાર આવે તે હેતુથી આ ફોટોગ્રાફી ફેસ્ટિવલનું આયોજન કર્યું છે. આ ફોટોગ્રાફી ફેસ્ટિવલમાં ગાંધીનગરની ઓળખ જળવાય અને સાથે વર્ષાઋતનું સૌંદર્ય પણ ઝીલાય તે અંગે ખાસ પ્રાધાન્ય આપવામાં આવશે.'

ગાંધીનગર મોન્સુન ફોટોગ્રાફી ફેસ્ટિવલમાં ભાગ લેવાની તથા ફોટોગ્રાફી કરવાની નિયત સમયમર્યાદા ટૂંક સમયમાં જાહેર કરાશે તેવું જણાવતા તેમણે આ સ્પર્ધાના વિજેતાઓને આગામી સ્વાતંત્ર્ય દિને મનોરંજક કાર્યક્રમ સાથેના ભવ્ય સમારોહમાં એવોર્ડ વિતરણ કરાશે તેવું જણાવ્યું હતું. સમગ્ર ફોટોગ્રાફી ફેસ્ટિવલનું આયોજન તન્વી ગ્રેવિશા પિકચર્સ પ્રા.લિ. દ્વારા હેપ્પી યુથ કલબના સહયોગ સાથે કરવામાં આવ્યું છે.

## ભગવાન મહેશની જન્મજયંતિ નિમિત્તે શોભાયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

મહેશ્વરી સેવા ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૧૩મી જૂનને સોમવારના રોજ ભગવાન મહેશની જન્મજયંતિ નિમિત્તે સાંજના ૫.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુંછે. આ શોભાયાત્રા સેકટર-૨૩ લગ્નવાડીથી પ્રસ્થાન કરશે. અને પંચેદવ મહાદેવ મંદિર સુધી લઈ જવાશે. વડીલો, યુવાનો, મહિલાઓ, પુરુષો અને બાળકો તમામ શોભાયાત્રામાં જોડાશે તથા આ શોભાયાત્રામાં નગરજનોને જોડાવવા સમસ્ત માહેશ્વરી ટ્રસ્ટે અનુરોધ કર્યોછે.

## શકિત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્કપણે ચોપડાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૦

શકિત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવે છે. દર વર્ષની માફક આ વર્ષે પણ ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે ચોપડા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ચોપડા મેળવવા હોય તેમને માર્કશીટ રજૂ કરીને પ્રદ્યુમનસિંહ વાઘેલા વાઘેશ્વર પાર્ક પેથાપુરનો સંપર્ક કરવા માટે જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. કૌશિકસિંહ મૂળસિંહ બિહોલા, ઉ.વ. ૫૫
- સ્વ. જયમીન મનોજભાઈ પરમાર, ઉ.વ. ૧૮
- સ્વ. વિક્રમજી કાનાજી ઠાકોર, ઉ.વ. ૪૫
- સ્વ. રમાબેન રમણલાલ ઠાકર, ઉ.વ. ૮૬
- સ્વ. બસુજી બળદેવજી ચાવડા, ઉ.વ. ૪૫